સરકારી કચેરીઓમાં ખરીદવામાં આવતી સ્વચ્છતા વિષયક સામગ્રી સ્વચ્છતા બજાર(સેનેટરી માર્ટ)માંથી ખરીદી કરવા અંગે સ્વચ્છતા બજારને વગર ટેન્ડરે ખરીદી અંગેની માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સરકારી ઠરાવ ક્રઃ એસપીઓ-૧૦-૨૦૦૧-૧૬૬૨-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૯-૧-૨૦૦૩.

**વંચાણે લીધો :-**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગ, સરકારી ઠરાવ ક્રઃ એસપીઓ-૧૦૯૫-૨૬૩૬(૯૭)-ચ, તા.૨૩-૯-૯૭.
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરકારી ઠરાવ ક્રઃ એમઆઇએસ-૧૦-૨૦૦૦-૩૧૬-ગ, તા. ૧૪-૭-૨૦૦૦
(૩) સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, અ.સ.પત્ર ક્રઃ પરચ-૧૦૦૧-૧૨૫૯-ગ, તા. ૧૮-૫-૨૦૦૧

**ઠ રા વ :-**

આ વિભાગના તા. ૨૩-૯-૯૭ ના ઉપર સંદર્ભ-૧ માં દર્શાવેલ ઠરાવથી રાજય સરકારના વિભાગો, ખાતા/ કચેરીઓ તેમજ બોર્ડ/ કોર્પોરેશનોએ ખરીદી કરતી વખતે ધ્યાનમાં લેવાની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડેલ છે. આ ઠરાવથી નકકી થયેલ સરકારી સંસ્થાઓ તેમજ સરકાર માન્ય સંસ્થાઓ અને કેટલીક વ્યકિતગત માન્યતા ધરાવતી સંસ્થાઓ પાસેથી નિયત નાણાંકીય મર્યાદાઓ અનુસરીને વગર ટેન્ડરે ખરીદી થઇ શકે છે. ઉપર ક્રમાંક-૨ માં નિર્દિષ્ટ ઠરાવની જોગવાઇને અનુલક્ષીને ક્રમાંકઃ ૩ સામેના પત્રથી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા સફાઇ કામદારોના પુનઃ સ્થાપન માટે સ્વચ્છતા બજારો ( સેનેટરી માર્ટ ) યોજના અંતર્ગત આવા સ્વચ્છતા બજારોને આર્થિક રીતે સધ્ધર બનાવવા તેમના ધ્વારા ઉત્પાદિત તમામ સ્વચ્છતા વિષયક સામગ્રી જેવી કે સાવરણીઓ, બ્લીચીંગ પાઉડર, ફીનાઇલ વગેરે આવા બજારમાંથી ખરીદવામાં આવે તેવા પ્રસંગોએ તેને વગર ટેન્ડરે માન્યતા ધરાવતી સંસ્થાઓની જેમ માન્ય ગણવા કરેલી

દરખાસ્ત સરકારની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારી કચેરીઓમાં ખરીદવામાં આવતી સ્વચ્છતા વિષયક સામગ્રી સ્વચ્છતા બજાર (સેનેટરી માર્ટ )માંથી ખરીદી કરવા નીચે મુજબની શરતોને આધીન વગર ટેન્ડરે ખરીદી માટે માન્ય સંસ્થા ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) ઓછામાં ઓછા ૨૫ સફાઇ કામદારોની બનેલી ઔદ્યોગિક સહકારી મંડળીને જ લાભ મળવાપાત્ર રહેશે. વ્યકિતગત ધોરણે લાભ મળવાપાત્ર રહેશે નહીં. આવી મંડળીઓ જે તે જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી નોંધણી મેળવી શકશે.

(૨) મંડળીના સંકલનકર્તા, બજાર વ્યવસ્થાપક, ક્ષેત્ર અન્વેષક તેમજ હિસાબનીશ મંડળીના સભ્યોમાંથી જ નિયુકત કરવાના રહેશે. પરંતુ મંડળીના સભ્યો જરુરી લાયકાત ધરાવતા ન હોય તો ફકત અનુસૂચિત જાતિના સભ્યને જ નિમણૂક આપી શકાશે.

(૩) મંડળી અન્ય આઇટમોનું પણ ઉત્પાદન અને વેચાણ કરી શકશે. પરંતુ આ લાભ ફકત સ્વચ્છતા વિષયક સાધન-સામગ્રી માટે જ મળવાપાત્ર રહેશે.

(૪) આ મંડળીઓને ખરીદનીતિ ૧૯૯૭ માં કક્ષા-બ હેઠળ આવરી લેવામાં આવે છે.

(૫) જયાં જયાં આવા સેનેટરી માર્ટ અસ્તિત્વમાં હોય અર્થાત કાર્યરત હોય ત્યાં આ માર્ટ પાસેથી ખરીદવું ફરજીયાત રહેશે.

(૬) જુદા જુદા સેનેટરી માર્ટસની ઉત્પાદિત સામગ્રી સમાન ગુણવત્તા અને વ્યાજબી ભાવે જ મળી રહે તે માટે ભાવ નકકી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા તે વિભાગ હેઠળ જરુરી તંત્ર ગોઠવવામાં આવશે અને દર છ માસ અથવા જરુર જણાયે આ ભાવની સમીક્ષા પણ આ તંત્રએ કરવાની રહેશે.

(૭) આ સંસ્થાને તા. ૨૩-૯-૯૭ ના ઠરાવમાં કક્ષા-બ- હેઠળ ક્રમાંકઃ ૮ સામે – જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે નોંધણી થયેલ સ્વચ્છતા બજારો- સેનેટરી માર્ટસ- તરીકે દર્શાવવામાં આવે છે. અને આ સંસ્થાઓને વગર ટેન્ડરની માન્યતા સંદર્ભમાં લાગુ પડતી નાણાકીય મર્યાદાઓ લાગુ પડશે તેમ પણ ઠરાવવામાં આવે છે. તેમજ તા. ૨૩-૯-૯૭ ના ઠરાવમાં થયેલ સ્પષ્ટતાઓ/ સુધારા આ સ્વચ્છતા બજારને પણ લાગુ પડશે. ૨૩-૯-૯૭ ની ખરીદ નીતિ મુજબની નાણાકીય મર્યાદા અને ખરીદ પધ્ધતિ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૪-૭-૨૦૦૦ ના ઠરાવના પેરા-૧૧(૨) અને પેરા-૧૧(૩) પૂરતું એટલે કે, રુ ૨,૦૦,૦૦૦ ( બે લાખ ) સુધીની ખરીદી પુરતા આ માર્ટ પાસેથી ખરીદ કરતી વખતે લાગુ પડશે નહિ.

(૮) આ ઠરાવ સચિવાલયના સર્વે વિભાગો, ખાતાના વડા, જિલ્લાની સરકારી કચેરીઓ ઉપરાંત મ્યુનિસિપાલિટી/ બોર્ડ / નિગમ/ એજન્સી સર્વેને લાગુ પડશે.

(૯) સત્તા સોંપણીના નાણાકીય નિયમો-૧૯૯૮ અન્વયે કચેરીના વડાને મળેલી સત્તા મુજબ કચેરીની જરુરીયાત મુજબની જ ખરીદી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧૩-૧૨-૨૦૦૧ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન. ડી. ભટ્ટ )
સરકારના નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
- માન. રા.ક.મંત્રીશ્રી, ઉદ્યોગના અંગત સચિવશ્રી.
- ~~તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવો.~~
- અધ્યક્ષશ્રી, કાર્યક્રમ અમલીકરણ સમિતિના અંગત સચિવ.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવ, ગુજરાત વિધાનસભા.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, (ગ-શાખા) સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો/ તમામ ખાતાના વડાઓ (સંબંધિત કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- અધિક ઉદ્યોગ કમિશનરશ્રી (વહીવટ) ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.